Bhavya Infrastructure
All Type of Construction Work
814, Ganesh Glory, Jagatpur Road, S.G.High Way, Jagatpur, Ahmedabad.
email id : bhavyainfrastructure62@gmail.com

Parth Kadia
91732 96265

Kartik Kadia
97277 96265

Date:- 08/03/2022

To,
Technical Officer,
Gujarat Real Estate Regulatory Authority,
Gandhinagar.

Sub:- Clarification for NA Order

Promoter Name:- Bhavya Infrastructure
Project Name:- Devanshi Prime
Rera Ack No:- PR/GANDHINAGAR/GANDHINAGAR/GUJRERA/220215/012410

Respected Sir,

As per your query for NA Order with F.P.No. 106/2 but it is a mistake in entry. And there is Available of correction order with entry no. 4589 and which is available in Land 7_12.

So here is a request to you honorable sir please consider our documents and accept our request and move forward our file for approval.

Yours Faithfully,

Bhavya Infrastructure
Authorized Person

For, Bhavya Infrastructure
Partner

# ગામ નમૂનો નંબર ૭

| | | | |
|---|---|---|---|
| **બ્લોક/ સરવે નંબર:** | ૨૦૨/અ | | |
| **સત્તા પ્રકાર:** | બીન ખેતી | **ગામ/ મોજે:** | રાયસણ |
| **ખેતરનું નામ:** | | **તાલુકો:** | ગાંધીનગર |
| **અન્ય વિગતો:** | | **જિલ્લો:** | ગાંધીનગર |

| લાયક જમીન | ક્ષેત્રફળ<br>હે. આરે. ચો.મી. | ખાતા નંબર/ ક્ષેત્રફળ/ આકાર<br>હે. આરે. ચો.મી. | નોંધ નંબરો અને કબ્જેદારો ના નામ |
|---|---|---|---|
| જરાયત<br><br>--------------------<br><br>કુલ ક્ષેત્રફળ<br>આકાર રૂ.<br>જુડી તથા વિષેશધારો રૂ<br>પાણીભાગ રૂ. | ૦-૨૨-૦૬<br><br>-----------<br><br>૦-૨૨-૦૬<br>૧.૨૫<br>0.00<br>0.00 | -----------------------------------<br>૬૬૯ \| ૦-૨૨-૦૬ \| ૧.૨૫ | ૧૨૯૧,૧૩૯૩,૧૫<br>૩૧,૧૬૪૩,૧૬૬૩,૧૭૨૩,૨૩૬૨,૨૩૮૫,<br>૨૪૨૨,૨૪૨૯,૨૪૫૮,૨૫<br>૧૧,૨૭૩૦,૩૪૭૩,૩૪૭૯,૩૭૪૨,<br>૩૯૮૯,૪૨૫૪,૪૫૩૯,૪૬૬૩,૪૭૧૦,<br>-----------------------------------<br>ભવ્યા ઈન્ફ્રાસ્ટ્રકચર(૪૭૧૦) |

| ગણોતિયાની વિગતો | બીજા હકો અને બોજાની વિગતો |
|---|---|
| | ૧૬૮૨,૧૭૯૫,૧૮૩૨,૧૮૬૧,૧૮૬૪,૧૮૯૭,૧૯૨૬,૨૦૧૬,<br>૨૧૬૯,૨૩૮૫,૨૪૨૨,૨૪૨૮,૨૪૫૮,૨૫૧૧,<br>---------------------------------------------------<br>બ્લોક વિભાજનની મંજુરી મળેલ છે.<૨૩૮૫><br><br>વિવાદીની વિવાદ અરજી નામંજુર મામ.શ્રી ગાંધીનગરનો તા.૩૧/૩/૦૬ નો હુકમ કાયમ રાખવા<br><૨૭૩૦><br><૩૪૭૯><br>અરજદારની રીવીઝન અરજી બીનશરતી પરત ખેચવાની માંગણી ગ્રાહ્ય રાખવામાં આવે<br>છે.<૩૭૪૨><br>રહેણાકના હેતુ માટે બિનખેતી<૩૯૮૯><br>બીનખેતી પરવાનગી હુકમમાં એફ.પી. નં. ૧૦૬/૧ ને બદલે એફ.પી. નં. ૧૦૬/૨ વાંચવા આથી<br>સુધારા હુકમ કરવામાં આવે છે.<૪૫૩૯> |

1060322030030390

Digitally signed by:
DS REVENUE DEPARTMENT
GOVERNMENT OF GUJARAT
Date: 08-03-2022 10:55:52 IST
MAMLATDAR OFFICE, GANDHINAGAR

#-નામંજુર &-તકરારી *-રદ
વેચાણની નકલ/ Chargable Copy અંકે રૂ. ૫.૦૦/- (રૂપીયા પાંચ પુરા).
છેલ્લી નોંધની અસર આપ્યા તા.08/03/2022 01:10:44 ની સ્થિતિએ

સૌજન્ય : રાષ્ટ્રીય સૂચના-વિજ્ઞાન કેન્દ્ર, ગુજરાત રાજ્ય

# ગામ નમૂનો નંબર ૧૨

| | | | |
|---|---|---|---|
| બ્લોક/ સરવે નંબર: | ૨૦૨/અ | ગામ/ મોજે: | રાયસણ |
| કુલ ક્ષેત્રફળ (હે. આરે. ચો.મી.): | ૦-૨૨-૦૬ | તાલુકો: | ગાંધીનગર |
| | | જિલ્લો: | ગાંધીનગર |

હાલના ખાતેદારોના નામ (ખાતા નંબર):

ભવ્યા ઈન્ફ્રાસ્ટ્રકચર (૬૬૯)

પાકની વિગતો:

| વર્ષ | મોસમ | પાકનું નામ | પાકનો વિસ્તાર હે. આરે. ચો.મી. | સિંચાઇનો સ્રોત અને સિંચાઇનું સાધન | વૃક્ષો પોતાના અને સરકારી | શેરો |
|---|---|---|---|---|---|---|
| ૨૦૧૯-૨૦૨૦ | રવી | શાકભાજી | ૦-૨૨-૦૬ | અન્ય/અન્ય રીત | | |
| ૨૦૨૦-૨૦૨૧ | રવી | શાકભાજી | ૦-૨૨-૦૬ | અન્ય/અન્ય રીત | | |
| ૨૦૨૧-૨૦૨૨ | --- | --- | માહિતી નથી. | --- | --- | |

5060322030030391

MAMLATDAR OFFICE GANDHINAGAR

Digitally signed by:
DS REVENUE DEPARTMENT
GOVERNMENT OF GUJARAT
Date: 08-03-2022 10:53:44 IST
MAMLATDAR OFFICE, GANDHINAGAR

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AHME/WEST/B/011621/52249

| | | | |
|---|---|---|---|
| मालिक का नाम एवं पता<br>**OWNERS Name & Address** | Santokben M. Patel & Others<br>F.P.No.-106/2, Nr.Jogni Mata Mandir, Behind, Shree Rang Upvan, Koba Raisan Road, Gandhinagar. | **दिनांक/DATE:**<br>**वैधता/ Valid Up to:** | 04-02-2021<br>02-02-2029 |

ऊँचाई की अनुमति हेतु अनापत्ति प्रमाण पत्र(एनओसी)

## No Objection Certificate for Height Clearance

1) यह अनापत्ति प्रमाण पत्र भारतीय विमानपत्तन प्राधिकरण (भाविप्रा) द्वारा प्रदत्त दायित्वों के अनुक्रम तथा सुरक्षित एवं नियमित विमान प्रचालन हेतु भारत सरकार (नागर विमानन मंत्रालय) की अधिसूचना जी. एस. आर. 751 (ई) दिनांक 30 सितम्बर, 2015, जी. एस. आर. 770 (ई) दिनांक 17 दिसंबर द्वारा संशोधित, के प्रावधानों के अंतर्गत दिया जाता है।

1. This NOC is issued by Airports Authority of India (AAI) in pursuance of responsibility conferred by and as per the provisions of Govt. of India (Ministry of Civil Aviation) order GSR751 (E) dated 30th Sep.2015 amended by GSR770(E) dated 17th Dec 2020 for safe and Regular Aircraft Operations.

2). इस कार्यालय को निम्नलिखित विवरण के अनुसार प्रस्तावित संरचना के निर्माण पर कोई आपत्ति नहीं है I

2. This office has no objection to the construction of the proposed structure as per the following details:

| | |
|---|---|
| अनापत्ति प्रमाणपत्र आईडी / NOC ID | AHME/WEST/B/011621/522493 |
| आवेदक का नाम / Applicant Name* | Hitesh Shah |
| स्थल का पता / Site Address* | T.P.S.No.- 19 – (Raisan – Randesan -- Koba), F.P. NO – 106/2, R.S.No.– 202A, At – Raisan, Taluka - Gandhinagar , Dist-Gandhinagar.,Raisan,Gandhinagar,Gujarat |
| स्थल के निर्देशांक / Site Coordinates* | 23 09 31.46N 72 39 24.22E, 23 09 33.12N 72 39 24.98E, 23 09 30.69N 72 39 26.31E, 23 09 32.38N 72 39 27.12E |

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA
CELEBRATING 25 YEARS OF SERVICE TO THE NATION
भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA
(1995 - 2020)

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDI

AHME/WEST/B/011621/52249

| | |
|---|---|
| स्थल की ऊँचाई एएमएसएल मीटर में (औसतन समुद्र तल से ऊपर), (जैसा आवेदक द्वारा उपलब्ध कराया गया) / Site Elevation in mtrs AMSL as submitted by Applicant* | 68.84 M |
| अनुमन्य अधिकतम ऊँचाई एएमएसएल मीटर में (औसतन समुद्र तल से ऊपर) / Permissible Top Elevation in mtrs Above Mean Sea Level(AMSL) | 118.84 M |

*** जैसा आवेदक द्वारा उपलब्ध कराया गया / As provided by applicant***

3) यह अनापत्ति प्रमाण पत्र निम्नलिखित नियम व शर्तों के अधीन है: -

3. **This NOC is subject to the terms and conditions as given below:**

क) आवेदक द्वारा उपलब्ध कराए गए स्थल की ऊँचाई तथा निर्देशांक को, प्रस्तावित संरचना हेतु अनुमन्य अधिकतम ऊँचाई जारी करने के लिए प्रयोग किया गया है | भारतीय विमान पत्तन प्राधिकरण, आवेदक द्वारा उपलब्ध कराये गए स्थल की ऊँचाई तथा निर्देशांक की यथार्थता का ना तो उत्तरदायित्व वहन करता है, और ना ही इनको प्रमाणीकृत करता है | यदि किसी भी स्तर पर यह पता चलता है कि वास्तविक विवरण, आवेदक द्वारा उपलब्ध कराए गए विवरण से भिन्न है, तो यह अनापत्ति प्रमाण पत्र अमान्य माना जाएगा तथा क़ानूनी कार्यवाही की जाएगी | सम्बंधित विमान क्षेत्र के प्रभारी अधिकारी द्वारा एयरक्राफ्ट नियम 1994 (भवन, वृक्षों आदि के कारण अवरोध का विध्वंस ) के अधीन कार्यवाही की जायगी ।

a. Permissible Top elevation has been issued on the basis of Site coordinates and Site Elevation submitted by Applicant. AAI neither owns the responsibility nor authenticates the correctness of the site coordinates & site elevation provided by the applicant. If at any stage it is established that the actual data is different, this NOC will stand null and void and action will be taken as per law. The office in-charge of the concerned aerodrome may initiate action under the Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules, 1994",

ख) अनापत्ति प्रमाण पत्र के आवेदन में आवेदक द्वारा उपलब्ध कराए गए स्थल निर्देशांक को सड़क दृश्य मानचित्र और उपग्रह मानचित्र पर अंकित किया गया है जैसा कि अनुलग्नक में दिखाया गया है। आवेदक / मालिक यह सुनिश्चित करे कि अंकित किए गए निर्देशांक उसके स्थल से मेल खाते हैं। किसी भी विसंगति के मामले में, नामित अधिकारी को अनापत्ति प्रमाण पत्र रद्द करने के लिए अनुरोध किया जाएगा।

b. The Site coordinates as provided by the applicant in the NOC application has been plotted on the street view map and satellite map as shown in ANNEXURE. Applicant/Owner to ensure that the plotted coordinates corresponds to his/her site. In case of any discrepancy, Designated Officer shall be requested for cancellation of the NOC.

ग) एयरपोर्ट संचालक या उनके नामित प्रतिनिधि, अनापत्ति प्रमाण पत्र नियमों और शर्तों का अनुपालन सुनिश्चित करने के लिए स्थल (आवेदक या मालिक के साथ पूर्व समन्वय के साथ) का दौरा कर सकते हैं।

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AHME/WEST/B/011621/52249

c. Airport Operator or his designated representative may visit the site (with prior coordination with applicant or owner) to ensure that NOC terms & conditions are complied with.

घ) संरचना की ऊँचाई (सुपर स्ट्रक्चर सहित) की गणना अनुमन्य अधिकतम ऊँचाई (ए एम एस एल) से स्थल की ऊँचाई को घटाकर की जायेगी | अर्थात, संरचना की अधिकतम ऊँचाई = अनुमन्य अधिकतम ऊँचाई (-) स्थल की ऊँचाई |

d. The Structure height (including any superstructure) shall be calculated by subtracting the Site elevation in AMSL from the Permissible Top Elevation in AMSL i.e. Maximum Structure Height = Permissible Top Elevation minus (-) Site Elevation.

च) अनापत्ति प्रमाण पत्र जारी करना, भारतीय एयरक्राफ्ट एक्ट 1934 , के सैक्शन 9-A तथा इसके अंतर्गत समय-समय पर जारी अधिसूचनाएं तथा एयरक्राफट नियम (1994 भवन, वृक्षों आदि के कारण अवरोध का विध्वंस) के अधीन है।

e. The issue of the 'NOC' is further subject to the provisions of Section 9-A of the Indian Aircraft Act, 1934 and any notifications issued there under from time to time including, "The Aircraft (Demolition of Obstruction caused by Buildings and Trees etc.) Rules, 1994".

छ) कोई भी रेडियो/ टीवी एन्टीना, लाइटनिंग अरैस्टर, सीढ़िया, मुमटी, पानी की टंकी तथा किसी भी प्रकार के संलग्नक उपस्कर पैरा 2 में उल्लेखित अनुमन्य अधिकतम ऊँचाई 118.84 M मीटर (एएमएसएल) से ऊपर नहीं जानी चाहिए।

f) No radio/TV Antenna, lightening arresters, staircase, Mumty, Overhead water tank and attachments of fixtures of any kind shall project above the Permissible Top Elevation of 118.84 M M AMSL, as indicated in para 2.

ज) विमानक्षेत्र संदर्भ बिंदु के 8 KM के भीतर तेल, बिजली या किसी अन्य ईंधन का उपयोग जो उड़ान संचालन के लिए धुएं का खतरा पैदा नहीं करता है, ही मान्य है।

g. Use of oil, electric or any other fuel which does not create smoke hazard for flight operation is obligatory, within 8 KM of the Aerodrome Reference Point

झ) यह प्रमाणपत्र इसके जारी होने की तारीख से 8 साल की अवधि के लिए वैध है। एक बार रिवेलीडेशन की अनुमति दी जा सकती है, बशर्ते कि इस तरह का अनुरोध एनओसी की समाप्ति की तारीख से छह महीने के भीतर किया जाए और प्रारंभिक प्रमाणपत्र 8 साल की वैधता अवधि के भीतर प्राप्त किया जाए।

h. The certificate is valid for a period of 8 years from the date of its issue. One-time revalidation shall be allowed, provided that such request shall be made within six months from the date of expiry of the NOC and commencement certificate is obtained within initial validity period of 8 years.

ट) भवन के निर्माण के दौरान या उसके बाद किसी भी समय स्थल पर ऐसी कोई भी लाइट या लाइटो का संयोजन नहीं लगाया जाएगा जिसकी तीव्रता, आकृति या रंग के कारण वैमानिक ग्राउन्ड लाइटों के साथ भ्रम उत्पन्न हो। विमान के सुरक्षित प्रचालन को प्रभावित करने वाली कोई भी गतिविधि मान्य नहीं होगी |

i. No light or a combination of lights which by reason of its intensity, configuration or colour may

cause confusion with the aeronautical ground lights of the Airport shall be installed at the site at any time, during or after the construction of the building. No activity shall be allowed which may affect the safe operations of flights.

ठ) आवेदक द्वारा विमानपत्तन पर या उसके आसपास विमान से उत्पन्न शोर, कंपन या विमान प्रचालन से हुई किसी भी क्षति के विरूद्ध कोई शिकायत/दावा नहीं किया जाएगा।

j. The applicant will not complain/claim compensation against aircraft noise, vibrations, damages etc. caused by aircraft operations at or in the vicinity of the airport.

ड) डे मार्किंग तथा सहायक विद्युत आपूर्ति सहित नाइट लाइटिंग (डीजीसीए भारत की वेबसाइट www.dgca.nic.in पर उपलब्ध) नागर विमानन आवश्यकताएं श्रंखला 'बी' पार्ट। सैक्शन-4 के चैप्टर 6 तथा अनुलग्नक 6 में विनिर्दिष्ट दिशानिर्देशों के अनुसार उपलब्ध कराई जाएंगी।

k. Day markings & night lighting with secondary power supply shall be provided as per the guidelines specified in chapter 6 and appendix 6 of Civil Aviation Requirement Series 'B' Part I Section 4, available on DGCA India website: www.dgca.nic.in

ढ) भवन के नक्शे के अनुमोदन सहित अन्य सभी वैधानिक अनापत्ति, संबंधित प्राधिकरणों से लेना आवेदक की जिम्मेदारी होगी, क्योंकि इस ऊँचाई हेतु अनापत्ति प्रमाणपत्र लेने का उद्देश्य सुरक्षित एवं नियमित विमान प्रचालन सुनिश्चित करना है तथा इसे भूमि के स्वामित्व आदि सहित किसी अन्य उद्देश्य/ दावे के लिए दस्तावेज के रूप में प्रयोग नहीं किया जा सकता।

l. The applicant is responsible to obtain all other statutory clearances from the concerned authorities including the approval of building plans. This NOC for height clearances is only to ensure safe and regular aircraft operations and shall not be used as document for any other purpose/claim whatsoever, including ownership of land etc.

ण) इस अनापत्ति प्रमाणपत्र आईडी का मूल्यांकन Ahmedabad विमानक्षेत्रो के संबंध में किया गया है। यह अनापत्ति प्रमाणपत्र भारतीय विमान पत्तन प्राधिकरण के विमानक्षेत्रो और अन्य लाइसेंस प्राप्त सिविल विमानक्षेत्रो, जो जी. एस. आर. 751 (ई) जी. एस. आर. 770 (ई) द्वारा संशोधित के अनुसूची - III, अनुसूची - IV (भाग- I), अनुसूची- IV (भाग -2; केवल RCS हवाई अड्डे) और अनुसूची- VII में सूचीबद्ध हैं, के लिए जारी किया गया है।

m. This NOC ID has been assessed with respect to the Ahmedabad Airports. NOC has been issued w.r.t. the AAI Aerodromes and other licensed Civil Aerodromes as listed in Schedule – III, Schedule – IV(Part-I), Schedule- IV (Part-2; RCS Airports Only) and Schedule-VII of GSR 751(E) amended by GSR770(E)

त) यदि स्थल रक्षा विभाग के विमान क्षेत्र के अधिकार क्षेत्र में आता है, जैसा कि जीएसआर 751 (ई) की अनुसूची-V में सूचीबद्ध है, तो आवेदक को रक्षा विभाग से अलग से अनापत्ति प्रमाणपत्र लेना होता है। जीएसआर 751 (ई) जी. एस. आर. 770 (ई) द्वारा संशोधित के नियम 13 के अनुसार, आवेदकों को उन स्थलों के लिये, जो जीएसआर 751 (ई) जी. एस. आर. 770 (ई) द्वारा संशोधित के अनुसूची- IV (भाग -2; आरसीएस हवाई अड्डों के

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AHME/WEST/B/011621/52249

अलावा) के रूप में सूचीबद्ध बिना लाइसेंस वाले विमान क्षेत्र के अधिकार क्षेत्र में आता हैं, तो संबंधित राज्य सरकार से भी अनापत्ति प्रमाणपत्र लेने की आवश्यकता है।

n. Applicant needs to seek separate NOC from Defence, if the site lies within the jurisdiction of Defence Aerodromes as listed in Schedule – V of GSR 751 E amended by GSR770(E). As per rule 13 of GSR 751 E amended by GSR770(E), applicants also need to seek NOC from the concerned state government for sites which lies in the jurisdiction of unlicensed aerodromes as listed in Schedule-IV (Part-2; other than RCS airports) of GSR 751 E amended by GSR770(E)

थ) अनापत्ति प्रमाण पत्र (एनओसी) की किसी भी त्रुटि/व्याख्या की स्थिति में अंगरेजी अनुवाद ही मान्य होगा |

o. In case of any discrepancy/interpretation of NOC letter, English version shall be valid.

द) स्थल की ऊँचाई और/या संरचना की ऊँचाई के किसी भी विवाद में अनुमन्य अधिकतम ऊँचाई एएमएसएल में ही मान्य होगी |

p. In case of any dispute with respect to site elevation and/or AGL height, Permissible Top Elevation in AMSL shall prevail.

हवाईअड्डा निदेशक सरदार वल्लभ भाई पटेल अंतर्राष्ट्रीय हवाई अड्डा अहमदाबाद - 380 003 दूरभाष संख्या : 91-79-228
Airport Director, Sardar Vallabhbhai Patel International Airport, Ahmedabad-380 003 (Gujarat), Telephone - 91-79-22

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AHME/WEST/B/011621/52249

(पदनामित अधिकारी)
Designated Officer
क्षेत्र का नाम / Region Name: पश्चिम/WEST

| | |
|---|---|
| नाम/ पदनाम/दिनांक सहित हस्ताक्षर Name/Designation/Sign with date | Digitally signed by TAPAN K NAYAK<br>Reason: Asst. General Manager(ATM), Signed on behalf of DO NOCC<br>Location: AAI, SVPI Airport, Ahmedabad-380003<br>Date: 2021-02-04 17:50+05:30 |
| द्वारा तैयार Prepared by | |
| द्वारा जांचा गया Verified by | |

ईमेल आईडी / EMAIL ID : vaah.noc@aai.aero
फोन/ Ph: 079-22858111

**ANNEXURE/अनुलग्नक**

**Distance From Nearest Airport And Bearing/निकटतम विमानक्षेत्र से दूरी और बीयरिंग**


| Airport Name/विमानक्षेत्र का नाम | Distance (Meters) from Nearest ARP/निकटतम विमानक्षेत्र संदर्भ बिंदु से दूरी (मीटर मे) | Bearing(Degree) from Nearest ARP/निकटतम विमानक्षेत्र संदर्भ बिंदु से बीयरिंग (डिग्री |
|---|---|---|
| Ahmedabad | 10178.55 | 19.03 |
| NOCID | AHME/WEST/B/011621/522493 | |

हवाईअड्डा निदेशक सरदार वल्लभ भाई पटेल अंतर्राष्ट्रीय हवाई अड्डा अहमदाबाद - 380 003 दूरभाष संख्या : 91-79-228
Airport Director, Sardar Vallabhbhai Patel International Airport, Ahmedabad-380 003 (Gujarat), Telephone - 91-79-22

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AHME/WEST/B/011621/52249

Street View




January 16, 2021

1:3,600
0 0.03 0.06 0.11 mi
0 0.04 0.09 0.17 km

Sources: Esri, HERE, Garmin, USGS, Intermap, INCREMENT P, NRCan, Esri Japan, METI, Esri China (Hong Kong), Esri Korea, Esri (Thailand), NGCC, (c) OpenStreetMap contributors, and the GIS User Community

AAI

Satellite View



January 16, 2021

1:3,600
0 0.03 0.06 0.11 mi
0 0.04 0.09 0.17 km

Source: Esri, Maxar, GeoEye, Earthstar Geographics, CNES/Airbus DS, USDA, USGS, AeroGRID, IGN, and the GIS User Community

AAI

भारतीय विमानपत्तन प्राधिकरण
AIRPORTS AUTHORITY OF INDIA

AHME/WEST/B/011621/52249

हवाईअड्डा निदेशक सरदार वल्लभ भाई पटेल अंतर्राष्ट्रीय हवाई अड्डा अहमदाबाद - 380 003 दूरभाष संख्या : 91-79-228
Airport Director, Sardar Vallabhbhai Patel International Airport, Ahmedabad-380 003 (Gujarat), Telephone - 91-79-22

# ગાંધીનગર ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસ

સેકટર:૧૭, ગાંધીનગર–૩૮૨૦૧૭
ફો.૧૦૧, (૦૭૯) ૨૩૨ ૨૨૭૪૨/૨૨૧૦૦ E-mail:-gandhinagarfire@gmail.com

ક્રમાંકઃફા.બિ.જા.નં/આર–૭/૦૦૭/ ૨૦૨૧

તા.૨/૦૨/૨૦૨૧

પ્રતિ,
ડી.એમ પટેલ,
૨૦૬,શિવ સાગર કોમ્પલેક્ષ,નારણપુરા,અમદાવાદ.

વિષય : નકશા પર ફાયર સેફટીનો અભિપ્રાય આપવા બાબત.
સંદર્ભ : આપની તા.૧૯/૦૧/૨૦૨૧ની અરજી.

ઉપરોકત વિષય અને આપશ્રીની સંદર્ભ દર્શીત અરજી અન્વયે જણાવવાનું કે,રેસર્વે નં.૨૦૨પૈકી સબ પ્લોટ નં ૧૦૬/૨/૧લફાયનલ પ્લોટ નં ૧૦૬/૨,ટી.પી.નં ૧૯,રાયસણ ગાંધીનગર ખાતે એર્ફોટેબલ હાઉસીંગ એક બ્લોક (બેઝમેન્ટ,ગ્રાઉન્ડ ઉપર ૧૧) બનાવવાના હેતુસર માંગવામાં આવેલ અભિપ્રાયમાં અમારા અભિપ્રાય મુજબ નીચે મુજબની બાબતો ધ્યાને લઈ અમલીકરણ કરવાનું રહેશે તેમજ ગુજરાત સરકારનાં શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગનાં તા–૨૧/૦૭/૨૦૧૮ નોટીફીકેશન મુજબ ફાયર સિસ્ટમ લગાવવાની રહેશે.

૧. ઈમારતમાં નિયમ મુજબની સંપુર્ણ ફીકસ ફાયર ફાઈટીંગ સિસ્ટમ સ્પ્રિકલ સિસ્ટમ,ડીટેકશન અને ફાયર એલાર્મ સાથે લગાવવાની રહેશે તેમજ પુરતા પ્રમાણમાં એકઝીટ વેન્ટીલેટેડ સ્ટેરકેશ સાથે રાખવાની રહેશે.બેજમેન્ટ,સ્પ્રિકલર સિસ્ટમ લગાવવાની રહેશે.. જોકી પંપં,મેઈન પંપ,ડીઝલ પંપ તથા સ્પ્રિકલર પંપ લગાવવાનાં રહેશે.

૨.હોઝ રીલ અડચણ રહીત સૌથી દુરના સ્થાન સુધી સરળતાથી પહોંચે તે મુજબની લગાવવાની રહેશે અને પુરતા પ્રમાણમાં એકઝીટ રાખવાની રહેશે.

૩.અલગ અલગ જગ્યાએ ફાયર એકસ્ટીગ્યુસરો પુરતા પ્રમાણમાં રાખવાનાં રહેશે તેમજ ઈલેકટ્રીક કેબલોમાં ફાયર પેસીવ સિસ્ટમ કરવાની રહેશે

૪.નિયમ મુજબ ઈમારતમાં ચારે બાજુ ફાયરનુ મોટુ વાહન ફરી શકે તે મુજબનાં પાકા રોડ બનાવવાનો રહેશે.

૫.ઈમારતમાં અગર ગ્લાસ ફસાડ વાપરવામાં આવનાર હોય તો તે તમામ ફીકસ ન રાખતાં ઓપનેબલ લગાવવાનાં રહેશે.

૬. ગુજરાત રાજય અગ્નિ નિવારણ કાયદા કલમ ૧૨ હેઠળ ફાયર સેફટી ઓફીસર રાખવાના રહેશે.

૭.સરકારશ્રી, લગત સત્તામંડળ અને સક્ષમ અધિકારીઓ ધ્વારા પ્રસિધ્ધ કરવામાં આવેલ લગત તમામ નિયમો, દિશાનિર્દેશો અને કાયદા મુજબ ફાયર સેફટીનું પાલન કરવાનું રહેશે.વધુમા ઈમારત બન્યા બાદ કોઈ અન્ય જોખમ જણાશે તો ફાયર અધિકારીની સુચના મુજબ કરવાનુ રહેશે.

ઉપરોકત સુચનો અને આપેલ નકશામાં જણાવ્યા મુજબના રેખાચિત્રોનું અને સદર પત્રમાં જણાવ્યા મુજબ પાલન કરવાની શરતે સદર અભિપ્રાય આપવામાં આવે છે.

રીજીયોનલ ફાયર ઓફીસર
ફાયર અને ઈમરજન્સી સર્વિસ
ગાંધીનગર મહાનગરપાલિકા

Scanned with CamScanner

નં. સીબી/જમીન/બી.ખે./એસ.આર.૨૬૦/૧૪/વશી.૩૭૭૦૭ થી ૩૭૭૨૦/૨૦૧૮

ક્લેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટની કચેરી,
ગાંધીનગર.
તારીખઃ–૨૯/૧૦/૨૦૧૮

<u>વંચાણમાં લીધાઃ–</u>

(૧) **અરજદારશ્રી કનુભાઈ ઉર્ફે કનૈયાલાલ મણીલાલ પટેલ વિગેરે, રહે.૯૮, રાયસણ ગામ, તા.જિ.ગાંધીનગરની તા.૨૧.૦૨.૨૦૧૪ તથા તા.૦૪.૦૭.૨૦૧૮ ની અરજી.**

(૨) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટરશ્રી, લેન્ડ રેકર્ડઝ ગાંધીનગરનો પત્ર ક્રમાંક : રે.કી./વશી.૧૩૩૧/રાયસણ/૨૦૨/અ/૨૦૧૪, તા.૧૩.૦૩.૨૦૧૪

(૩) સિનિયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તામંડળ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ગુડા/તાંત્રિક/૧૨૦૦/૨૦૧૪, તા.૧૪.૦૩.૨૦૧૪ તથા તા.૧૭.૦૫.૨૦૧૮ નો પત્ર.

(૪) ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : એલએકયુ/એસઆર/૨૩૮/૧૪/વશી.૧૩૯૬ થી ૧૪૪૧/૨૦૧૪, તા.૨૭.૦૩.૨૦૧૪

(૫) મામલતદાર અને કૃષિપંચશ્રી ગાંધીનગરનો પત્ર ક્રમાંક : ગણોત/એસ.આર.૯૬/૨૦૧૪, તા.૩૧.૦૩.૨૦૧૪ તથા તા.૨૦.૦૩.૨૦૧૮, તા.૩૧.૦૮.૨૦૧૮ નો પત્ર.

(૬) મામલતદારશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : મામ/જમીન/એસ.આર.૧૩૮/૧૪/વશી.૨૩૨૮, ૪૯૦૬/૨૦૧૪, તા.૨૮.૦૭.૨૦૧૪ તથા તા.૨૬.૦૯.૨૦૧૭

(૭) જમીન–૨.(આર.ટી.એસ.) દફતરનો પત્ર ક્રમાંક : સીબી/જમીન–૨/વશી.૧૧૭૪/એસ.આર.૧૦૫/૨૦૧૪, તા.૧૭.૧૧.૨૦૧૪

પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : પીઓ/જમીન/એસ.આર.૧૯૩/વશી.૨૦૯૨૩/૨૦૧૭, તા.૧૮.૧૦.૨૦૧૭

(૯) નાયબ કલેકટર અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, (ઓ.એન.જી.સી.) અમદાવાદનો પત્ર ક્રમાંક : એલએકયુ/અભિપ્રાય/એસ.આર/૧૯૯૪/જાવક નં.૧૧૯૫/૨૦૧૭, તા.૧૦.૦૧.૨૦૧૮

(૧૦) નાયબ કલેકટરશ્રી (જ.સુ.) અપીલ, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : જ.સુ./અપીલ/એનએ/ એસ.આર./૯૨/૧૪/વશી.૧૮૭૯/૨૦૧૮, તા.૧૦.૦૪.૨૦૧૮

(૧૧) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક.

(૧૨) સરકારશ્રીના મહેસુલ વિભાગ ના તા.૧૦.૭.૨૦૦૮ ના ઠરાવ નં.બખપ/૧૦૦૬/૪૨૫/ક.

(૧૩) સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૫.૭.૯૩ ના પરિપત્ર નં.એલઆરસી/૧૦૯૩/ ૯૨૮/ક તથા તા.૨૨.૪.૦૩ ના પરિપત્ર ક્રમાંકઃએલઆરસી/૧૦/૨૦૦૨/૧૬૪૦/ક.

સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃકેવી/૭૩/ઓએફ/૯૪/એનપીએસ/૪૫૯૩/૩૫૯૪/એમ, તા.૧૪.૪.૯૪

(૧૫) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, ગાંધીનગરના જાહેરનામા ક્રમાંકઃજિપં/જમન/બિ.ખે.દ/વશી.૨૭૩૭–૫૫/૦૪, તા.૧૯.૮.૨૦૦૪.

(૧૬) મુંબઈ જમીન મહેસુલ કાયદો–૧૮૭૯ અને ગુજરાત જમીન મહેસુલ નિયમો–૧૯૭૨.

(૧૭) **અરજદારશ્રીની તા.૨૪.૦૯.૨૦૧૮ ની અરજી તથા તે સાથેના ચલણ/પાવતી.**

(૧૮) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગરનો પત્ર ક્રમાંક : તજર/ગાંધી/બુક/વેરીફીકેશન/૧૦/૨૦૧૮/૩૭૭૫, તા.૦૯.૧૦.૨૦૧૮

:: <u>હુ ક મ</u> ::

મોજે.રાયસણ, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૦૨/અ (એફ.પી. નં.૧૦૬/૧) ની ક્ષે.૨,૨૦૬ ચો.મી. જમીનમાં રહેણાંક હેતુ માટે અરજદારે આમુખ–૧ની અરજીથી બીનખેતી મંજુરી માંગેલ છે. આ કામે આમુખ–૧૧, ૧૨ તથા ૧૩ ની જોગવાઈઓ અનુસાર સંબંધિત કચેરી/અધિકારીઓના અભિપ્રાયો માંગેલ જે આમુખ–૨ થી ૧૦ મુજબ હકારાત્મક અભિપ્રાયો મળેલ છે. જયારે નીચેની કચેરીઓના અભિપ્રાય સમય મર્યાદામાં મળેલ નથી.

(૧) જનરલ મેનેજરશ્રી, એલ.એ.ક્યુ. વિભાગ, ઓ.એન.જી.સી. અવની ભવન, અમદાવાદ

સરકારશ્રીના મહેસુલ વિભાગના તા.૧.૭.૦૮ ના ઠરાવ ક્રમાંકઃબખપ–૧૦૦૬– ૪૨૫–ક ની જોગવાઈઓ અનુસાર જે કચેરીઓ ધ્વારા નોટીસ ઈસ્યુ થયા તારીખથી ૨૧ દિવસમાં કોઈ અભિપ્રાય રજૂ કરેલ નથી, તેમજ ૨૧ દિવસનો સમય પૂર્ણ થયેલ હોવા છતાં કોઈપણ પ્રકારનો વાંધો રજૂ કરવામાં આવેલ નથી, જેથી સંબંધિત કચેરીઓને કોઈ વાંધો નથી તેમ માનવાનું રહે છે, તેમજ ભવિષ્યમાં આ અંગે કોઈ વાંધો કે તકરાર ઉપસ્થિત થશે તો તે અંગેની સઘળી જવાબદારી સંબંધિત કચેરીને રહેશે.

માંગણીવાળી જમીનમાં રહેણાંકના હેતુ માટે બીનખેતીની મંજુરી આપતા પહેલા આમુખ–૧૪, ૧૫ તથા ૧૬ ની જોગવાઈઓ અનુસાર રહેણાંકના હેતુ માટે રૂપાંતર કર દર ચો.મી.ના ₹.૨.૦૦ લેખે (ક્ષે.૨,૨૦૬ ચો.મી. × ₹.૨.૦૦) ₹.૪,૪૧૨/– (અંકે રૂપિયા ચાર હજાર ચારસો બાર પુરા) સરકારશ્રીમાં જમા કરાવવા જણાવતાં અરજદારશ્રીએ આ રકમ ચલણ નં.૧૮૭/૨૦૧૮–૧૯, તા.૨૪.૦૯.૨૦૧૮ થી સદર રકમ સરકારશ્રીમાં ભરપાઈ કરી આમુખ–૧૭ ની અરજીથી અસલ ચલણ અત્રે રજુ કરેલ છે. જે ચલણ જિલ્લા તિજોરી અધિકારીશ્રીને મોકલી આપતાં આમુખ–૧૮ ના પત્રથી સદર રકમ સરકારશ્રીમાં ભરપાઈ થયા અંગે મેળવણુ કરી અસલ ચલણ અત્રે પરત કરેલ છે. વર્ષ ૧–૮–૧૮ થી ૩૧–૭–૨૦ સુધીના જમીન મહેસુલ, શિક્ષણ ઉપકર તથા લોકલફંડના નાણાં ₹.૩,૫૮૮/– (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો સોળ પુરા) સરકારશ્રીમાં ભરપાઈ કર્યા અંગેની તલાટીશ્રી, રાયસણની તા.૧૮.૦૯.૨૦૧૮ ની પાવતી નં.૯૩, ૬૮, ૯૩ રજુ કરેલ છે.

મોજે.રાયસણ, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૦૨/અ (એફ.પી. નં.૧૦૬/૧) ની ક્ષે.૨,૨૦૬ ચો.મી. જમીનમાં જી.ડી.સી.આર.ના નિયમ મુજબ બાંધકામ કરવાની શરતે, આનુસાંગિક રહેણાંકના હેતુ માટે ખેતી સિવાયનો ઉપયોગ કરવા જમીન મહેસુલ કાયદાની કલમ–૬૫ હેઠળ નીચેની શરતોને આધીન બીનખેતીની મંજૂરી આપવા આથી હુકમ કરવામાં આવે છે.

<u>શ ર તો :-</u>

(૧) જમીન મહેસુલ સંહિતાની કલમ–૬૭(ક) મુજબ પ્રશ્નવાળી જમીનમાં બીનખેતીના કામે રૂપાંતર કર વસુલ કરવામાં આવેલ હોય, તે સિવાય વસુલ લેવાનો થતો બિનખેતી આકારની રકમ તેમજ અન્ય કોઈ વેરા લેવાના થતા હોય તો, તેની રકમ તથા તે ઉપરના કર વેરાઓની રકમ મંજૂરી આપ્યાની તારીખથી ૧૫ દિવસમાં ભરપાઈ કરવાની રહેશે, તેમજ આ કર વેરાઓ વર્ષની શરૂઆતમાં ભરવાના રહેશે. મોજ મોજે.રાયસણ, તા.જી.ગાંધીનગરનો આમુખ–૧૫ મુજબ વર્ગ–એ ના વિસ્તારમાં સમાવેશ થતો હોઈ, વિશેષધારો (બીનખેતી આકાર) નીચે પ્રમાણે નકકી કરવામાં આવે છે. આ વિશેષધારો સરકારશ્રીની વખતો વખત સૂચનાઓ અનુસાર ફેરફારને પાત્ર રહેશે.

| બીનખેતી પરવાનગી આપેલ જમીનનો સર્વે નંબર, ક્ષેત્રફળ તથા કબજેદારનું નામ | બીનખેતીની પરવાનગી આપેલ જમીનનું ક્ષેત્રફળ ચો.મી. | લેવાપાત્ર વાર્ષિક બીનખેતી આકારનો દર, બીનખેતી ઉપયોગનો પ્રકાર વગેરે | વસુલ કરવાના વાર્ષિક બીનખેતી આકારની રકમ ₹. | વસુલ લીધેલ રૂપાંતર વેરાની રકમ ₹. | શિક્ષણ વેરો લેવાનો થતો હોય તો તેની રકમ ₹. | અન્ય કોઈ લેવાનો થતો હોય તો તેની રકમ લોકલ ફંડ ₹. | કોલમ ૪, ૬, ૭ ના વેરા તા.૧.૮.૧૮ થી તા.૩૧.૭.૨૦ સુધી વસુલ લીધેલ રકમ ₹. |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ |
| મોજે. રાયસણ, તા.જિ.ગાંધીનગરના સર્વે/બ્લોક નં.૨૦૨/અ (એફ.પી. નં.૧૦૬/૧) ની ક્ષે.૨,૨૦૬ ચો.મી. | ૨,૨૦૬ (બે હજાર બસો છ) | રહેણાંકના હેતુ માટે દર ચો.મી.ના રૂા.૦.૨૫ પૈસા પ્રમાણે | ₹.૫૫૨/– (અંકે રૂપિયા પાંચસો બાવન પુરા) | ₹.૪,૪૧૨/– (અંકે રૂપિયા ચાર હજાર ચારસો બાર પુરા) | નિયમ મુજબ | નિયમ મુજબ | ₹.૩,૫૮૮/– (અંકે રૂપિયા ત્રણ હજાર પાંચસો સોળ પુરા) |

(૨) આ કામે રજૂ કરેલ સુચિત પ્લાન મુજબના પ્લાન ત્રણ માસમાં સીનીયર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ પાસેથી મંજૂર કરાવી તેમજ વિકાસ પરવાનગી મેળવી લેવાની રહેશે અને તેની તમામ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સવાલવાળી જમીનની જે હેતુ માટે બિનખેતી પરવાનગી આપવામાં આવેલ છે, તે હેતુ માટે જ ઉપયોગ કરવાનો રહેશે.

(૩)શહેરી વિકાસ સત્તા મંડળના જી.ડી.સી.આર. અને ઝોનીંગના નિયમો અનુસાર બાંધકામ કરવાનું રહેશે અને મળવાપાત્ર ક્ષેત્રફળ પુરતુ બાંધકામ કરી બાકીની જમીન ખુલ્લી રાખવાની રહેશે.

(૪) ડીસ્ટ્રીકટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડસ ધ્વારા ઈસ્યુ કરાયેલ માપણી શીટ કે જેના ઉપર મૂળ ટિપ્પણની હદ પણ દર્શાવેલ હોવી જોઈએ. રજૂ કરાયેલ પ્લાન તથા લે–આઉટ પ્લાન સક્ષમ કક્ષાએ મંજૂર કરાવવાના રહેશે.

(૫) બાંધકામ શરૂ કરવામાં આવે અને અપીલની મુદત પુરી થાય કે એક વર્ષમાં, તુરત જ જમીન મહેસુલ નિયમોના નિયમ–૮૭ મુજબ નિયત નમુનામાં સનદો અરજદારે મામલતદાર સમક્ષ રજુ કરવાની રહેશે.

(૬) બાંધકામ શરૂ કરતાં પહેલાં બાંધકામના નકશા સક્ષમ અધિકારી પાસે મંજૂર કરાવવાના રહેશે.

(૭) મંજૂર થયેલ નકશા મુજબ આરોગ્ય અને સ્વાસ્થ્યની દૃષ્ટિએ ગંદા પાણીના નિકાલની જોગવાઈ કરવાની રહેશે.

(૮) બાંધકામ શરૂ કરતાં પહેલા સ્થાનિક નગરપાલિકાની રજા મેળવી, સ્થાનિક નગરપાલિકા/ગ્રામ પંચાયતના અમલમાં હોય તેવા બિલ્ડીગ રેગ્યુલેશન નિયમોને અનુરુપ બાંધકામ કરવાનું રહેશે.

(૯) આ પરવાનગીની તારીખથી છ માસમાં મંજુર કરેલ પ્લાન મુજબનું બાંધકામ શરુ કરી ૩ વર્ષમાં તે તમામ બાંધકામ પુરું કરવાનું રહેશે.

(૧૦)સદર જમીનમાં બાંધવામાં આવનાર મકાનોમાં રહેણાંક કરનાર લોકો માટે કબજેદારોએ આ યોજનામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા અંગેની જોગવાઈ કરવાની રહેશે. ડ્રેનેજ લે આઉટ તેમજ સેપ્ટીક ટેંક તથા ચોકવેલ સાઈઝ અને સંખ્યા નેશનલ બિલ્ડીગ કોડ મુજબ રાખવાની રહેશે.

(૧૧) સહિયારો કોમન પ્લોટ અને રસ્તાની જમીન સોસાયટીની સહીયારી માલીકીની અથવા સર્વે પ્લોટ હોલ્ડરની સહીયારી માલીકીની ગણાશે અને તે ઉપરનો કોઈનો વ્યકિતગત હકક રહેશે નહી, તેમજ સાર્વજનિક ઉપયોગ હોય તો પણ આ કોમન પ્લોટમાં કોઈ બાંધકામ કરી શકાશે નહી. રસ્તા અને કોમન પ્લોટની જમીનનું હરાજીથી,બક્ષિસથી કે અન્ય કોઈ રીતે વેચાણ કે તબદીલી થઈ શકશે નહી. રસ્તા અને કોમન પ્લોટના ઉપયોગમાં સોસાયટીના રહીશોએ જ સહીયારો ઉપયોગ કરવાનો રહેશે.

(૧૨) કોમન પ્લોટ તથા રસ્તાની કે અન્ય ખુલ્લી જમીન ઉપર અનઅધિકૃત બાંધકામ કરી શકાશે નહી. કોમન પ્લોટનું હરાજી કે અન્ય રીતે વેચાણ થઈ શકશે નહી તેમજ આ જમીનોની આજુબાજુના વિસ્તારમાં રહેતા લોકોના સુઃખાકારી હકકોને નુકશાન થાય તેવો ઉપયોગ કરી શકાશે નહી.

(૧૩) ભૂકંપપ્રુફ બાંધકામની ડીઝાઈન માટે સરકાર માન્ય એજન્સીની સલાહ ફરજીયાતપણે લેવાની રહેશે અને આ સલાહ જમીન ધારક માટે ફરજીયાતપણે બંધનકર્તા રહેશે. મંજુર થયેલ ભૂકંપપ્રુફ ડીઝાઈનો જ ઉપયોગ થાય તે ખાસ જોવાનું રહેશે.

(૧૪) સાર્વજનિક પ્લોટ/રસ્તા સહીતની જમીનો બીનખેતીનો આકાર પ્લોટ વેચાણ કરવામાં આવે ત્યાં સુધી મુળ ખાતેદારો અને પ્લોટ વેચાણ થયેથી તમામ પ્લોટ હોલ્ડર્સએ પ્રમાણસર કરવાનો રહેશે.

(૧૫) આ જમીનમાં પ્લોટોની હદ, આંતરીક રસ્તાઓ ઉપર કોમન પ્લોટમાં કોઈને અંતરાયરૂપ ન થાય તે રીતે યોગ્ય સ્થળોમાં વૃક્ષારોપણ કરી ઝાડ ઉછેરવાના રહેશે.

(૧૬) જમીન પરનુ બાંધકામ રેખા નિયંત્રણ નિયમોની જોગવાઈ પ્રમાણે કરવાનુ રહેશે અને આનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે.

(૧૭) સોસાયટીના રહીશો માટે આંતરીક રસ્તાઓ પેવર અને ડામરથી તૈયાર કરવાના રહેશે તેમજ વીજળીની પુરતી વ્યવસ્થા કરવાની રહેશે.

(૧૮) બાંધકામમાં ઝડપથી સળગી ઉઠે તેવા સ્ફોટક પદાર્થો વાપરવા નહી.

(૧૯) વરસાદી પાણીના ભુગર્ભ વહન માટે દર મકાન /બહુમાળી મકાન (ઔડાએ મંજુરી આપ્યા મુજબ) દીઠ એકના દરે પરકોલેટીગ બોરવેલ ની વ્યવસ્થા અચુક કરવાની રહેશે.

(૨૦) નામદાર ગુજરાત હાઈકોર્ટએ તળાવ/તલાવડીઓ અને વોટર બોડીઝ અંગે સ્પે.સી.એ.નં.૧૦૬૨૧/૨૦૦૦ અને આનુષાંગિક ખાસ દિવાની અને દિવાની અરજીઓમાં તા.૨.૮.૨૦૦૨ થી આપેલ ઓરલ જજમેન્ટ મુજબ અમલ કરવાનો રહેશે.

(૨૧) અરજદારે રીબન ડેવલપમેન્ટ રૂલ્સ નીચે જે તે રસ્તાનો પ્રકાર ધ્યાને લઈ રસ્તાના મધ્યબિંદુથી બાંધકામ વચ્ચેનું અંતર જાળવવાનું રહેશે અન્યથા અરજદારની જવાબદારી રહેશે.

(૨૨) સદર જમીન જો જેલની નજીક હોય તો ૧૮૪ મીટરનું અંતર છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૩) સવાલવાળી જમીન જો રેલ્વે હદની નજીક હોય તો રેલ્વેની હદથી ૩૦ મીટર જગ્યા છોડી બાંધકામ કરવાનું રહેશે.

(૨૪) સવાલવાળી જમીન ઉપરથી અથવા બાજુમાંથી વિજળી ગ્રીડના તાર/હાઈટેન્શન પાવર અગર થાંભલા આવેલ હોય ત્યારે તે અન્વયે લાગુ પડતા નિયમોનું પાલન કરવા અને તે મુજબ બાંધકામ કરવાનું રહેશે.

(૨૫) બિનખેતી માંગવામાં આવી હોય તેવી જમીન જો એરોડ્રામ આસપાસના ૨૦ કી.મી.ના ત્રિજયામાં આવતી હોય ત્યારે બાંધકામની ઉંચાઈ તથા એરોડ્રામની દૃષ્ટિએ જરૂરી એવું "નાવાંધા પ્રમાણપત્ર"

સીવીલ એવીએશન ખાતા પાસેથી મેળવવાનું રહેશે અને સીવીલ એવીએશન ખાતાના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૬) સરકારશ્રી મહેસુલ વિભાગના તા.૧૯.૦૨.૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક : બખપ/૧૦૦૬/૪૨૫/ક (પાર્ટ–૨) થી ઠરાવ્યા મુજબ "ભારતીય વાયુસેનાના હવાઈ મથક તથા ઈન્સ્ટોલેશનથી બાંધકામ કરવાની મર્યાદા ભારત સરકારના સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેરનામાથી વખતોવખત બહાર પાડવામાં આવે તેટલી ત્રિજયા બહાર બાંધકામ કરવાનું રહેશે."

(૨૭) જનરલ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદના પત્ર ક્રમાંક : એએમડી/એલએક્યુ/ઓએનજીસી/એનઓસી/૨૦૧૬/૭૨૭૬૮૧, તા.૨૫.૦૮.૨૦૧૬ થી આપેલ સુચના મુજબ, ઓ.એન.જી.સી.ની હયાત પાઈપ લાઈનથી ઓછામાં ઓછુ ૧૫ મીટર નું અંતર તથા ઈન્સ્ટોલેશન પ્લાન્ટથી ૬૦ મીટર નું અંતર તથા વેલ હેડ ફેર પોઈન્ટના પરિઘથી ઓછામાં ઓછુ ૯૦ મીટર નું અંતર છોડવાનું રહેશે.

(૨૮) નર્મદા કેનાલ / અન્ય સિંચાઈ કેનાલની નજીકમાં આવેલ જમીનની બાબતમાં અરજદારે સૂચિત બાંધકામ માટે જાળવવાના થતા અંતર અંગેના નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨૯) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં કેન્દ્ર સરકાર કે રાજય સરકારના કાયદા નીચે રક્ષિત સ્મારક (PROTECTED MONUMENTS) તરીકે જાહેર કરેલ પ્રાચીન સ્મારકથી ૧૦૦ મીટર સુધીનું અંતર જાળવવાની પ્રવર્તમાન જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૦) અરજદારે/જયાં જરૂરી હોય ત્યાં ભારતીય વન અધિનિયમ હેઠળ અનામત વન જમીન કે વન તરીકે જાહેર કરેલ વન/જમીનથી જાળવવાના થતા અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે.

(૩૧) અરજદારે / જયાં જરૂરી હોય ત્યાં વન્ય જીવન સંરક્ષણ અધિનિયમ ૧૯૭૨ અન્વયે અભ્યારણ્ય અથવા રાષ્ટ્રીય ઉપવન તરીકે જાહેર કરેલ કોઈપણ વિસ્તારની હદથી જાળવવાના થતાં અંતર બાબતની જોગવાઈઓનું પાલન કરવાનું રહેશે તેમજ અરજદારે પર્યાવરણને લગતી પૂર્વ મંજુરી મેળવવાની થતી હોય તો તે અંગે સક્ષમ અધિકારીશ્રીની મંજુરી મેળવવાની રહેશે અને તે મુજબ પાલન કરવાનું રહેશે.

(૩૨) અરજદારે વરસાદ પાણીના નિકાલ માટે સ્વખર્ચે નાળાની વ્યવસ્થા કરવાની રહેશે અને એપ્રોચ રોડ માટેની સક્ષમ સત્તાધિકારીશ્રી પાસેથી પરવાનગી મેળવી લેવાની જવાબદારી અરજદારશ્રીની રહેશે.

(૩૩) આ હુકમથી જે સર્વે નંબરોની જમીનો જે કબજેદારના નામે બીનખેતીની મંજૂરી આપેલ છે તે જમીનોના કબજેદારો તેમના ખાતે જે જમીનો હશે તે જમીન પુરતો જ વહીવટ કરી શકશે અને આ હુકમની શરતો પૈકી કોઈપણ શરતના ભંગ બદલ આ જમીનોના કબજેદારો વ્યક્તિગત તેમજ સંયુકત રીતે મંજૂરી મુજબની તમામ જમીન માટેની જવાબદારી સામુહિક રહેશે.

(૩૪) સદર જમીનમાં શહેરી વિકાસ સત્તામંડળ ધ્વારા નકશા મંજુર કરતાં, પહેલાં ચીફ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી. અવની ભવન, ચાંદખેડા, અમદાવાદ પાસેથી પરવાનગી મેળવવાની રહેશે.

(૩૫) અરજદારશ્રીએ છ માસમાં સક્ષમ ઓથોરીટી (ઔડા/ગુડા) પાસે બીનખેતી લે–આઉટ પ્લાન મંજુર કરાવવાનો રહેશે અને તેની એક નકલ તરત જ જિલ્લા જમીન દફતર નિરીક્ષકશ્રી (ડી.આઈ.એલ.આર.)ને મોકલી આપવાની રહેશે.

(૩૬) ડી.આઈ.એલ.આર.શ્રી ગાંધીનગરની કચેરીને અરજદારશ્રી ધ્વારા છ–માસમાં લે–આઉટ પ્લાનની નકલ રજુ કરવામાં ન આવે તો ડી.આઈ.એલ.આર.કચેરીએ અત્રેની કચેરીને શરતભંગની કાર્યવાહી કરવા જાણ કરવાની રહેશે.

(૩૭) ભવિષ્યમાં સદર જમીનના ઝોનીગ તેમજ ડી.પી./ટી.પી.અથવા રોડની મહત્તમ કપાતના કારણસર ક્ષેત્રફળમાં હાલ અરજદારે રજૂ કરેલ લે–આઉટની સાપેક્ષે જો ફેરફાર/વધઘટ થાય તો તે મુજબ અમલ કરવાનો રહેશે તથા બંધનકર્તા રહેશે.

(૩૮) અરજદારે ઉપરની સૂચનાઓ/શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે. જો તેમાં કોઈપણ શરત કે શરતોના ભંગ થશે તો આ પરવાનગી રદ કરવામાં આવશે, આ ઉપરાંત જમીન મહેસુલ કાયદા તથા અન્ય લાગુ પડતા કાયદા, નિયમો અન્વયે શિક્ષાત્મક પગલાં લઈ શકાશે, તેમજ જમીનનો કબજો ચાલુ રાખવા માટે આકાર તથા દંડની રકમ જે જણાવવામાં આવે, તે ભરવાની જવાબદારી સંબંધિત કબજેદારની રહેશે.

...રી તારીખ.૧.જૂલાઈ૨૦૨૧ શબ્દોની સંખ્યા..........
...લ તૈયાર થયા તારીખ...૧૪.જૂલાઈ.૨૦૨૧
...લ આપ્યા તારીખ...૧૫.૦૭.૨૦૨૧
...લ કરનારની સહી..........
...ાબલ કરનારની સહી..........

રવાના કરવા પ્રમાણિત કર્યું

(કે.ટી.મેણાત)
ચિટનીશ ટુ કલેકટર
ગાંધીનગર

સહી/–
(એસ.કે.લાંગા)
કલેકટર, ગાંધીનગર

કલેકટર, ગાંધીનગર
ગાંધીનગર જીલ્લો
કલેક્ટર ગાંધીનગર
ગાંધીનગર જિલ્લો

**રજી.પો.એ.ડી.થી**

**પ્રતિ,**
શ્રી કનુભાઈ ઉર્ફે કનૈયાલાલ મણીલાલ પટેલ વિગેરે,
રહે.૯૮, રાયસણ ગામ, તા.જિ.ગાંધીનગર

**નકલ સવિનય રવાના:–**

૧. નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.

**નકલ રવાના:–**

૧. સીનીયર નગર નિયોજકશ્રી, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ, સેકટર–૧૧, ગાંધીનગર તરફ જાણ તથા ઓ.એન.જી.સી. અવની ભવનનું ના–વાંધા પ્રમાણપત્ર મેળવીને નકશા મંજુર કરવા સારૂ.
૨. પ્રાંત અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. નાયબ કલેકટરશ્રી, (જ.સુ.) અપીલ દફતર, ગાંધીનગર
૪. જનરલ મેનેજરશ્રી, ઓ.એન.જી.સી., અવની ભવન, ચાંદખેડા, અમદાવાદ તરફ જાણ તેમજ આપના તા.૨૫.૦૮.૨૦૧૯ના પત્રમાં જણાવેલ વિગતે ખાત્રી કરી (ગુડા/ઔડાને) નકશા મંજુર કરવા એન.ઓ.સી. આપવા સારૂ.
૫. નાયબ કલે. અને ખાસ જમીન સંપાદન અધિકારીશ્રી, ઓ.એન.જી.સી., અમદાવાદ
૬. કાર્યપાલક ઈજનેરશ્રી, ગુજરાત એનર્જી ટ્રાન્સમીશન કોર્પોરેશન લિ., રણાસણ, તા.જી.ગાંધીનગર
૭. મામલતદારશ્રી, ગાંધીનગર તરફ ગામ દફતરે જરુરી નોંધ કરવા તથા સનંદો અંગે ઘટીત કાર્યવાહી સારું.
૮. મામલતદાર અને કૃષિપંચશ્રી, ગાંધીનગર.
૯. ડી.આઈ.એલ.આર.શ્રી, ગાંધીનગર તરફ જાણ તેમજ અરજદારશ્રી ધ્વારા છ–માસમાં સક્ષમ અધિકારીશ્રી (ઔડા/ગુડા) ના મંજુર કરાવેલ નકશાની નકલ રજુ ન થાય તો શરતભંગની કાર્યવાહી કરવા અત્રે રીપોર્ટ કરવા સારૂ.
૧૦. નાયબ મામલતદારશ્રી (ઈ–ધરા), મામલતદાર કચેરી, ગાંધીનગર તરફ ગામ દફતરે નોંધ કરવા અને તેની નકલ અત્રે મોકલવા સારૂ.
૧૧. તલાટી કમ મંત્રીશ્રી, રાયસણ, તા.જિ.ગાંધીનગર તરફ જાણ તથા જરૂરી કાર્યવાહી કરવા સારૂ.
૧૨. સિલેકટ ફાઈલ.